પીડીએસ યોજનામાં GOI ની સબસીડાઈઝ દરે
પૂરી પાડનાર તૂવેર દાળ અને ચણા દાળ બાબતનું
વિતરણ પ્રમાણ અને ભાવ નકકી કરવા બાબત.

**ગુજરાત સરકાર**

અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક
૧૪, સરદાર ભવન, ૫–મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૮/૦૩/૨૦૧૯

**વંચાણે લીધો**

૧. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના તા.૨૮/૮/૨૦૧૮ ના પત્ર ક્ર. DO NO. L15014/5/2018-MPS
૨. ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ કન્ઝયુમર અફેર્સ એન્ડ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન ડીપાર્ટમેન્ટ ઓફ ફુડ એન્ડ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશનના તા.૨૯/૮/૨૦૧૮ ના પત્ર ક્ર. 1(3)/2018-PD-1
૩. અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગનો તા.૬/૧૨/૨૦૧૮ નો ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયને ઉદ્દેશીને લખવામાં આવેલ પત્ર.
૪. નિયામકશ્રી, અ.ના.પુ. ની કચેરીના પત્ર ક્ર. નાપુનિ/૨૧૧/બઅક/પીડીએસ/ દાળ તુવેર/ચણા/દાળ/વિતરણ–ભાવ/૯૫૦૩૧ તા.૫/૩/૨૦૧૯
૫. નિયામકશ્રી, અ.ના.પુ. ની કચેરીના પત્ર ક્ર. પીડીએસ/અગ્રતા કુટુંબો/કઠોળ વિતરણ/૨૩૬/૨૦૧૮–૧૯ તા.૬/૩/૨૦૧૯ તથા તા.૮/૩/૨૦૧૯

**આમુખ :**

સંદર્ભ (૧) થી (૨) માં જણાવેલ પત્રો અનુસંધાને અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ધ્વારા સંદર્ભ (૩) ના પત્રથી સંયુકત સચિવશ્રી (Co-op) DAC & FW દિલ્હીને નિયત નમુનામાં ઈન્ડેન્ટ મોકલવામાં આવેલ. આ સંદર્ભે PDS યોજના માટે નીચેની વિગતે નાફેડને આગળની કાર્યવાહી કરવા ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ધ્વારા ઈન્ડેન્ટ મોકલવામાં આવેલ.

| Sr. No. | Month | Qty of payment made to GOI under PSS (MT) | Qty Required (MT) | No. of bags of 1 KG Packing | Number of 20 KG bags (Outer Packing) | Qty (MT) | Packing |
|---|---|---|---|---|---|---|---|
| | Toor | 10300 | Toordal | | | | |
| 1. | Feb-19 | | 6833.980 | 6833980 | 341699 | 6833.980 | 1KG x 20 = 20 Kg |
| | Chana | 7400 | Chanadal | | | | |
| 2 | Feb-19 | | 6833.980 | 6833980 | 341699 | 6833.980 | 1KG x 20 = 20 Kg |

આ સંદર્ભે PDS યોજના માટે નાફેડ ધ્વારા તા. ૪/૧/૨૦૧૯ ના રોજ તુવેરદાળ માટે અને ચણાદાળ માટે તા.૧૪/૧/૨૦૧૯ ના રોજ ઈ–ઓકશન યોજવામાં આવેલ હતા, જેની નિગમ ધ્વારા નાફેડને તુવેર દાળ માટે તા.૧૮/૧/૨૦૧૯ તથા ચણાદાળ માટે તા.૨૨/૧/૨૦૧૯ ના

ઈ–મેઈલથી મંજુરી આપવામાં આવેલ. નાફેડ ધ્વારા નિગમના અમુક ગોડાઉન કેન્દ્રો ખાતે તુવેરદાળ તેમજ ચણાદાળની આવક શરૂ થયેલ હોઈ નાફેડ ધ્વારા પડતર નકકી કરવા ગોડાઉન સુધી પહોંચાડવાનું કોસ્ટિંગ તેમજ ઓકશનમાં આવેલ ભાવોના પત્રકના આધારે નિગમ ધ્વારા પડતર ધ્યાને લઈ PDS યોજનામાં વિતરણ થનાર તૂવેર દાળ તેમજ ચણા દાળનો વિતરણ ભાવ નકકી કરવામાં આવેલ.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. તરફથી મોકલાવેલ રીવાઈઝડ કોષ્ટીગ સંદર્ભે નિયામકશ્રીની કચેરીના સંદર્ભ (૪) અને (૫) અનુસાર રાજયના ગરીબ કુટુંબોને આર્થિક બોજ ન પડે તે સારૂ અને બજાર કિંમત કરતા રાહત દરે વિતરણ કરવા એપ્રિલ અને મે–૨૦૧૯ દરમ્યાન તમામ NFSA કાર્ડધારકોને તુવેરદાળ/ચણાદાળ ઉપલબ્ધ જથ્થાના આધારે કાર્ડ દીઠ–૧ કિ.ગ્રા. મુજબના વિતરણ પ્રમાણથી તુવેરદાળ રૂા.૩૭/– અને ચણાદાળ રૂા.૪૨/– ના ભાવથી વિતરણ કરવા આથી નકકી કરવામાં આવે છે.

તદઉપરાંત કાર્ડધારકોની વપરાશને ધ્યાને લેતા તેમજ કઠોળની ગુણવતાને અસર ન થાય અને ફાળવેલ તમામ જથ્થાનો નિકાલ થાય તે સારૂ વાજબી ભાવના દુકાનદારોને પરમીટ ૭૫ % મુજબ ફાળવણી કરવાનું નકકી કરવામાં આવે છે.

આ સંદર્ભે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ધ્વારા એપ્રિલ અને મે–૨૦૧૯ માસ દરમ્યાન વિતરણ કરવા માટે તા.૧૬/૩/૨૦૧૯ સુધીમાં આ જથ્થો નિગમ ધ્વારા ગોડાઉન પર ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

નાફેડ ધ્વારા પીડીએસ હેઠળ વિતરણ કરવાના PSS કઠોળની કોમોડીટીવાર કેટલો જથ્થો કયારે ઉપલબ્ધ થશે અને ૧૦૦% જથ્થો કયારે ઉપલબ્ધ થશે તેની તારીખવાર વિગતો, જિલ્લાવાર ફાળવણી કરવા સંદર્ભેની બાબત પણ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ધ્વારા સુનિશ્ચિત કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(નયના પટેલ)**
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

**પ્રતિ,**

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ, લી. ગાંધીનગર.
૩. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.

**નકલ જાણ સારૂ રવાના**

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, બીજો માળ, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.
૫. સીલેકટ ફાઈલ.